

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*મૂખમાં છે રામ છૂરી છૂપાવાની જરૂર નથી!*
*હતાશ છે એ અત્યારે, ચૂકવાની જરૂર નથી!*
*ફૂંકવાની જરૂર છે એના સીમા પરના અડ્ડા -*
*ચઢ્યું છે ‘નાપાક’ માથે, ઝૂકવાની જરૂર નથી...*

**હાઈકુ**

*કરંડિયામાં*
*શરૂ સળવળાટ -*
*હિંદુ - રાષ્ટ્રનો...*

*સહસ ફેણો*
*સંભળાય ફૂંફાડો -*
*‘નાગપુર’ માં...*

### ચિંતન

**નાસ્ત્યભક્ષ્યં ક્ષુધિતસ્ય ।**

**ઉપરોક્ત સૂત્ર ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**ભૂખ્યા માટે કશું જ અભક્ષ્ય નથી.**

**આ ચીજ ખાવા યોગ્ય છે કે નહિ એવી તકેદારી જયારે પૂરતું ભોજન મળતું હોય ત્યારે મનુષ્ય રાખે છે પરંતુ વિભીષણ દુષ્કાળના સમયમાં જયારે અન્નનો એક કોળિયો પણ ન મળતો હોય ત્યારે માનવી ભૂખથી આકુળ વ્યાકુળ બની, ઘાસ-પાંડદા તો શું મનુષ્ય અને પ્રાણીનાં શબ પણ આરોગી જાય છે ત્યારે ભક્ષ્ય-અભક્ષ્યનો માપદંડ તે વીસરી ગયો હોય છે.**

**એકાસણાં - અપવાસ કરનારામાં ઝીણવટ ભરી ચર્ચા થતી હોય છે ‘તમે મીઠું (નમક) ખાવ છો ? અમે નથી ખાતા - આ ખવાય તે ન ખવાય વગેરે.. આ બધાં માનસિક સંતોષના બહાનાં જ છે.’**

**માણસ જયારે કોલસાની ખાણમાં કોઈ કપરાં સંજોગોમાં હોય - ભૂખ્યો - તરસ્યો હોય ત્યારે તેને કોઈ નિષેધ નડતા નથી.**

### સુવિચાર

- હાર અને જીત તો માનવના ઘરમાં ઘૂસી ગયેલ ચોર છે, તેનો સરખી રીતે મુકાબલો કરો - **વિમ્બલ્ડન ટેનિસના ટ્રેસીંગ રૂમમાં લખેલ વાક્ય**
- આ દુનિયા મૂર્ખાઓ દ્વારા રચાઈ છે, જેમાં શાણાઓ રહે છે - **ઓસ્કાર વાઈલ્ડ**
- જે માણસ જીવતાં મરી જાણે છે તે મુક્ત થઈ જાય છે - **સુફી જ્ઞાન**
- મારી પાસે જે કાંઈ છે એમાં હું સંતોષથી રહું છું, કારણ કે હું જાણુ છું કે, પરમાત્મા દ્વારા જે સંચય છે તે મારા સંગ્રહ કરતાં વધારે સારું છે - **મૌલાના રુમી**
- એક વાર માથાની ઉપરથી પાણી વહેવા માંડે, પછી એક ફૂટ હોય કે દસ ફૂટ હોય, બહુ ફરક પડતો નથી - **તમિલ કહેવત**
- બીજાને તમારા જેવા બનાવવા મથશો નહીં, ભગવાન પોતે એ કરી શક્યા હોત : તમારા જેવો એક જ માણસ આ દુનિયા માટે પૂરતો છે - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : ઘી સાથે હળદરનો પાઉડર લઈ ચાટવો અને એની ઉપર ગરમ દૂધ પીવાથી દમમાં ફાયદો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શિષ્યે ગુરુને પૂછ્યું, ‘માનવી પોતાના પાપ ગંગાજીમાં સ્નાન કરીને ધોવે છે. તો એ બધા પાપોનો નિકાસ ગંગા માતા કેવી રીતે કરતાં હશે ?’ ગુરુએ કહ્યું હું તારા સવાલનો જવાબ ગંગા નદીને પૂછીને કહીશ. ગુરુએ ગંગાજીને પૂછ્યું, ‘આપ માનવીના પાપોનો નિકાલ કેવી રીતે કરો છો ?’ ગંગાજીએ કહ્યું, ‘હું માનવીના પાપો સમુદ્રદેવને મળવા જાઉં છું ત્યારે અર્પણ કરી દઉં છું. માટે એમને પૂછો.’ ગુરુએ સમુદ્રને પૂછ્યું, ‘ગંગાજીએ આપેલા પાપોનો નિકાલ આપ કેવી રીતે કરો છો?’ સમુદ્રએ કહ્યું, ‘જયારે ગરમીના દિવસોમાં સૂર્યદેવના તાપથી મારા પાણીની વરાળ થાય છે ત્યારે હું એ પાપો વરાળને સોંપી દઉં છું, માટે તમે વરાળને પૂછો.’ ગુરુએ વરાળને પૂછ્યું ત્યારે વરાળે કહ્યું, ‘હું આ પાપોને વાદળોને સુપ્રત કરી દઉં છું માટે આપ વાદળોને પૂછો.’ ગુરુએ વાદળોને પૂછ્યું, વાદળોએ કહ્યું,‘હું તો એ પાપોને વરસાદને સોંપી દઉં છું. માટે આપ મેઘરાજાને પૂછો.’ ગુરુએ મેઘરાજાને પૂછ્યું, મેઘરાજાએ કહ્યું, ‘હું એ પાપને ધરતીમાતાને સુપ્રત કરું છું. માટે આપ ધરતીમાતાને પૂછો.’ ગુરુએ ધરતીમાતાને પૂછ્યું, ધરતીમાતાએ કહ્યું, ‘હું મારા ખોળે પાકતા અન્ન દેવને અર્પણ કરી દીઉં છું, આપ અન્નદેવને પૂછો.’ ગુરુએ અન્નદેવને પૂછ્યું, તો કહે કે હું માનવીના પેટમાં પાપો પધરાવું છું. એટલે માનવીને પાપો સુપ્રત કરી દઉં છું.’ ગુરુએ શિષ્યને કહ્યું, ‘જોયું ? જેવું અન્ન, તેવું માનવીનું મન. એટલે પાપો ધોવા માટે માનવી ગંગા નદીમાં ડૂબકીઓ મારે છે, એટલે પાપની પરિક્રમા આ રીતે સંપૂર્ણ થાય છે.’

# ચીન દોસ્ત તો નથી જ...

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીની સર્વોચ્ચ નેતા શી જિન પિંગ વચ્ચે વુહાન પછી તમિલનાડુના મહાબલીપુરમમાં યોજાયેલ બેઠક તથા બીજે દિવસે પણ અન્ય સ્થળે થયેલ લંચમિલન બેઉ રાષ્ટ્રો વચ્ચેના વર્ષો જૂના સાંસ્કૃતિક સંબંધો સાથે જ બેઉના વર્તમાન સંજોગોને ઉજાગર કરતી ઘટના છે. આ બેઠકો અનૌપચારિક હોવા છતાં એમનું મહત્ત્વ બીજી અનેક ઔપચારિક બેઠકો કરતાં વધારે છે. સવિશેષ તો ચીનને હવે ભારત સાથે શિંગડાં ભરાવવામાં રસ નથી એ મુદ્દો ઊડીને આંખે વળગે એવો છે. ચીને ૧૯૬૨માં ભારત પર હુમલો કર્યો હતો ત્યારથી એ ભારત માટે અવિશ્વસનીય પાડોશી તરીકે વગોવાતું રહ્યું છે. પરંતુ માઓત્સેતુંગ અને ચાઉએનલાઈનું ચીન અને જિન પિંગનું ચીન જુદું છે. દુનિયામાં સૌથી મોટી વસતિ ધરાવતું ચીન ભારત માટે કયારેય શત્રુ રોલમાં નહોતું પણ પંડિત નહેરુ સાથે ચાઉ એન લાઈના પંચશીલ કરાર પછી એકાએક ભારતને ઊંઘતું ઝડપી હિમાલય પર હુમલો કરનાર ચીન એ ઘટના પછી ‘ડ્રેગોન’ જ સાબિત થયું છે. દક્ષિણ એશિયામાં ‘મોટું કોણ ?’ -ની હરિફાઈમાં ચીન કયારનુંય આગળ નીકળી ગયું છે, પરંતુ વૈશ્વિક સ્તરે એ બિનલોકશાહી દેશ હોઈ એની ભારત જેવી પ્રતિષ્ઠા નથી. એની પ્રચંડ સૈન્ય શક્તિને કારણે આખી દુનિયા એનાથી ડરે છે, અમેરિકાં સુધ્ધાં ! યુનોમાં પણ ચીનને વીટો પાવર આપવો પડ્યો છે. એ સલામતી સમિતિનું કાયમી સભ્ય છે. ભારત ચીનની સરખામણીમાં ઘણું પાછળ છે, અહીં ભ્રષ્ટાચાર છે, નેતાઓની નૈતિકતા સામે પ્રશ્નાર્થો છે. વળી ચીનની જેમ આપણે વસતિ નિયંત્રણ નથી કરી શક્યા. ભારતની તાકાત એની સફળ લોકશાહી છે. ભારત દુનિયાનો સૌથી યુવાન દેશ છે - અને એ યુવાશક્તિ દુનિયાભરમાં પોતાનો જાદુ પાથરી ચૂકી છે. ચીન અને ભારત બેઉ પાસે મસ મોટું બજાર છે. આ બજાર જ ચીન અને ભારતને દુનિયાનાં સમૃદ્ધ રાષ્ટ્રો સાથે સાંકળી રાખનારું સૌથી અગત્યનું અંગ છે. ચીન બજારની રૂએ આખી દુનિયામાં પથરાઈ ચૂક્યું છે. અમેરિકા એના પર નિયંત્રણ લાદીને એને નબળું પાડવા કે નમાવવા કોશિશ કરી રહ્યું છે, છતાં ચીન એને ગાંઠતું નથી. ભારત અને ચીન વચ્ચે જુગજૂનાં સાંસ્કૃતિક સંબંધો છે. મોદીએ ચીની નેતાને મહાબલીપુરમની જેમ એમના પોતાના વતન વડનગરમાં પણ નોતરવા જોઈએ. ચીની વિદ્વાન હ્યુએન સંગ વડનગર આવ્યા હતા. ચીન અને ભારત સામેની અવઢવ માત્ર પાકિસ્તાન મુદ્દે છે. પાકિસ્તાન અગાઉ અમેરિકાનું બગલબચ્ચું હતું; અમેરિકાએ તરછોડી દીધા બાદ એ ચીનના ખોળામાં બેઠું છે. ચીને પાકિસ્તાનને કુદરતી દોસ્ત ગણી એના ગ્વાદર બંદર પર કબજો જમાવ્યો છે અને કારાકોરમ પર્વતમાળા પાસે થઈ આઝાદ કાશ્મીરમાં હાઈવે બાંધ્યો છે. પરંતુ એનો અર્થ એ નથી કે ચીન ભારત સામે બાંયો ચડાવી રહેલા પાકિસ્તાનની બધી વાતો સાથે સહમત હોય. કાશ્મીર મુદ્દે નાછૂટકે, ઉફરા મને ચીને પાકિસ્તાન તરફી વલણ અપનાવવું પડ્યું છે. પરંતુ ચીને તિબેટ તફડાવ્યું છે - એ મુદ્દો ભારત ઉછાળે તો એ મુશ્કેલીમાં મુકાઈ જાય એમ છે. કાશ્મીર તો ભારતનું જ રાજય હતું, જયારે તિબેટ સ્વાયત્ત - સ્વતંત્ર ‘બફર સ્ટેટ’ હતું, એને ચીની ડ્રેગને ઓહિયાં કરી લીધેલ છે. ચીન અરુણાચલ પ્રદેશને પણ પોતાનો પ્રદેશ માને છે. આ તમામ વિસંગતતાઓ વચ્ચે પણ બેઉ રાષ્ટ્રોના વડા સાબરમતી રિવરફ્રંટથી લઈ તમિલનાડુના બીચ અને રિસોર્ટમાં સહભોજન કરે છે તે સૂચક છે. પાકિસ્તાને સમજી લેવું જોઈએ કે ચીનને એનાં વૈશ્વિક હિતો જળવાય એ માટે ભારત સાથે મીઠા સંબંધો રાખવા પડે એમ છે.

# ગગનથી અમૃત વરસાવતો ઉત્સવ : શરદ પૂનમ



**રંગ-ઉમંગ**
કાનન ઓઝા

શરદ પૂનમને કોજાગરી કે રસપૂર્ણિમા પણ કહે છે. શરદપૂનમના દિવસે ચંદર્ સોળે કળાએ પૂર્ણ રીતે ખીલે છે. શરદ પૂનમની રાત્રે ભગવાન શ્રીકૃષ્ણે ગોપીઓ સંગ રાસ રમ્યો હતો. તેથી પ્રાકૃતિક સૌંદર્યથી માંડી ને આધ્યાત્મિક એમ દરેક દષ્ટિએ શરદપૂર્ણિમાનું માહાત્મય અનોખું છે. આસો સુધ પૂનમ એટલે શરદ પૂર્ણિમા શરદપૂનમને વ્રતની પૂનમ પણ કહેવામાં આવે છે. શરદ પૂનમના દિવસે કોજાગર વ્રત કરવામાં આવે છે. જેને કૌમુદી વ્રત પણ કહે છે. આપણા ધર્મશાસ્ત્ર પ્રમાણે એવું કહેવાય છે કે શરદ પૂનમનો ચંદ્ર જ બહુ જ દુર્લભ હોય છે. આજના દિવસે ચંદ્રના તેજમાંથી અમૃત ઝરે છે. જેથી શરદ પૂનમને અમૃત પામવાનો અવસર પણ કહેવાય છે. અમૃતના રસનો સ્વાદ લેવા માટે જ લોકો ચંદ્રના પ્રકાશમાં દૂધપૌંઆ રાખીને ખાય છે. ગુજરાતમાં ખીર કે દૂધ પૌંઆને આખી રાત ચાંદની રાતમાં રાખીને સવારે પીવાનો રિવાજ છે. તો વળી શરદ પૂનમના દિવસે જ કાન-ગોપીઓએ રાસ રચાવ્યો હતો. તેથી નવરાત્રિ બાદ શરદ પૂનમની રાતે રાસ-ગરબા પણ રમાય છે. રંગરસિયા રાસ રમીને કૃષ્ણ-ગોપીની રાસલીલાને યાદ કરે છે અને શરદ પૂનમની ચાંદની રાતની મોજ માણે છે.

શરદ પૂનમનું વ્રત સુખસમૃદ્ધિમાં વૃદ્ધિ કરવા માટે કરવામાં આવે છે. આ વ્રત સ્ત્રીઓ કરે છે. પૂનમના દિવસે ઉપવાસ રાખવામાં આવે છે. અને લાકડાના બાજઠ પર આસન પાથરી લક્ષ્મીજીની મૂર્તિ અને તાંબાના કળશની સ્થાપના કરીને તેનું ષોડશોપચારે પૂજન કરવામાં આવે છે. સાંજના સમયે ઘીનો દીવો કરીને, ખીરનો પ્રસાદ ખરાવવો. રાત્રે ત્રણ કલાક ચંદ્રના તેજમાં ખીર રાખીને પછી લક્ષ્મીજીને ધરાવો અને બધાને ખીરનો પ્રસાર આપો. શક્ય હોય તો બ્રાહ્મણોને ખીરનું ભોજન પણ કરાવવું. રાત્રે જાગરણ કરવું. શરદ પૂનમનું વ્રત કરવાથી ધનધાન્યમાં વૃદ્ધિ થાય છે.

એક કથા શરદ પૂર્ણિમાથી છે કે બે બહેનો હતી તેમાં મોટી બહેન શરદ પૂનમનુ વ્રત કરતી હતી. અને નાની બહેન હંમેશા વ્રતને અધુરું રાખતી. નાની બહેને જે પણ સંતાન જન્મે તે મૃત્યુ પામતું. નાની બહેન પોતાના નાના - નાના બાળકોના મૃત્યુથી હિંમત હારી ગઈ હતી. તેણે આ સમસ્યાના ઉકેલ માટે એક મહાત્માને પૂછ્યું કે ‘મારા સંતાન કેમ જીવતાં નથી રહેતા ?’ ત્યારે મહાત્માએ કહ્યું કે, ‘તું શરદ પૂર્ણિમાનું વ્રત કરે છે પણ કયારેય પૂર્ણ નથી કરતી, તેને અધુરું જ છોડી દે છે. એટલે આવું બને છે. હવે તું શ્રદ્ધાપૂર્વક શરદ પૂર્ણિમાનું વ્રત કરીશ તે તારા સંતાનને મૃત્યુ નહીં થાય.’

નાની બહેને શ્રદ્ધાપૂર્વક વ્રત કર્યું તેણે એક બાળકને જન્મ આપ્યો, પણ થોડા દિવસ બાદ આ બાળકનું મૃત્યુ થયું તેને જમીન પર સુવડાવવામાં આવ્યું અને ઉપર કપડું ઠાક્યું, એવામાં નિયમિત શ્રદ્ધાપૂર્વક વ્રત કરનાર મોટી બહેન આવી તેણે મનોમન જ શરદપૂનમના વ્રતનું પુણ્ય આ બાળકને આપ્યું ને બાળકના માથે હાથ ફેરવ્યો તો મૃત બાળક ઊંઘમાંથી ઉઠે એ રીતે ઉઠ્યું. પછી નાની બહેને વ્રતનું માહાત્મય સમજાવ્યું અને એ ક્ષણ વ્રતના પુણ્યનું ભાથું ભેગુ કરવા વ્રત કરવા લાગી.

આપણા શાસ્ત્રોમાં એવું કહેવામાં આવ્યું છે કે શરદ પૂર્ણિમાની રાતે જાગરણ કરવામાં આવે તો ધનધાન્યમાં વૃદ્ધિ થાય છે. શરદ પૂનમની મધ્યરાત્રિએ દેવી મહાક્ષ્યમી તેમના કરકમળોમાં વર અને અભય માટે સંસારમાં વિચરે છે. મહાલક્ષ્મી એવો સંકલ્પ કરે છે કે ‘શરદ પૂનમની રાતે જે જાગીને મારું પૂજન અર્ચન કરી રહ્યું હોય તેને હું આજે ધનધાન્ય ભરી દઈશ. આ રીતે મધ્ય રાતે વિચરતી મહાલક્ષ્મીની આશિષ અને આકાશમાં સોળે કળાએ ખીલેલ અમૃત વરસાવતા ચંદ્રને માણવાનો અવસર એટલે જ શરદ પૂર્ણિમાની સૌંદર્યમય રાત.’

# સાહસ, સંઘર્ષ અને સફળતા : MDH - મસાલા કીંગ : ધર્મરાજ ગુલાટી




**મોરપીંછના રંગ**
ડો. કનૈયાલાલ ભટ્ટ

જીવનમાં ઘણી વખત યોગ્ય સમયે લીધેલો યોગ્ય નિર્ણય આપણને ક્યાંયથી ક્યાંય પહોંચાડી દે છે અને ઘણી વખત સાચા નિર્ણયના અભાવે આપણે જીવનમાં કશું જ કરી શકતા નથી. એક નિર્ણય આખી જિંદગી બદલી શકે છે. આપણે જીવનમાં ઘણી વ્યક્તિઓને મળી શકતા નથી હોતા પણ જ્યારે તેમના જીવન વિશે જાણીએ છીએ ત્યારે એમનો પ્રભાવ આપણા ઉપર જરુર પડે છે. કેમ કે તેમના જીવનનો સંઘર્ષ, સાહસ અને સફળતા અદભુત હોય છે. પ્રેરણાદાયી હોય છે.

ભારતમાં ટી.વી. નો પ્રવેશ થયો ત્યારથી લઈને આજ સુધી આપણે ટીવી પર એક જાહેરાતમાં એક વૃદ્ધ માણસને સતત જોઈએ છીએ. ‘MDH મસાલા’ ની જાહેરાતમાં. માથે રંગીન પાઘડી પહેરીને ક્યારેક બાળકો સાથે તો ક્યારેક પરિવારની સાથે દેખાય છે. આજે મોટેભાગે બ્રાન્ડેડ કંપનીઓ કોઈ ક્રિકેટર, અભિનેતા કે સેલિબ્રિટી વ્યક્તિને લઈને લાખો. કરોડો રૂપિયા ખર્ચીને પોતાની કંપનીની પ્રોડક્ટને પ્રમોટ કરે છે. પરંતુ આ વૃદ્ધ દાદા આવા કોઈ ભ્રમમાં રહ્યા વિના પોતાની પ્રોડક્ટને, મસાલાને પોતે જ પ્રમોટ કરીને કરોડો રૂપિયા કમાય છે. અને આજે બિશ્વભરમાં આ MDH મસાલા બ્રાન્ડ પ્રખ્યાત છે.

આ MDHના વૃદ્ધ માલિકનું નામ છે શ્રી ધર્મપાલ ગુલાટી, જે મહાશિયાં દી હટ્ટી (MDH) ગ્રુપના માલિક છે આ વ્યક્તિનું જીવન પણ અતિ સંઘર્ષમય, સાહસયૂક્ત રહ્યું છે. પરંતુ આજે બે હજાર કરોડનું સામ્રાજ્ય વિશ્વભરમાં સ્થાપિત કરીને, અહીં ૨૦ જેટલી સ્કૂલો અને એક હોસ્પિટલ બનાવીને પોતાના સાહસ અને ક્ષમતાનો પરિચય આપ્યો છે. પાકિસ્તાનના સિયાલકોટમાં ૨૩ માર્ચ ૧૯૨૩ના રોજ જન્મેલા ધરમપાલ ગુલાટીનો પરિવાર ભારત પાકિસ્તાનના ભાગલા પછી માત્ર ૧૫૦૦ રૂપિયા સાથે ભારત આવ્યો. શરૂઆતમાં ધરમપાલજીએ ઘોડાગાડીવાળા તરીકે કામ કર્યું. અને થોડા સમયમા મહેનતને પરિણામે પરિવાર પાસે થોડા રૂપિયા ભેગા થતાં કારોલબાગના અજમલ ખાન રોડ પાસે મસાલાની નાનકડી દુકાન શરૂ કરી. સારો સ્વભાવ અને સદભાવને કારણે ધીમે ધીમે ધર્મપાલજીના ધંધાની વૃદ્ધિ થઈ અને આજે ભારત અને દુબઈમાં એક નહી પણ ૧૮ ફેક્ટરીઓ છે અને વિશ્વભરમાં MDH મસાલા વેચાય છે. સાથે સાથે કંપનીની બીજી ૬૨ પ્રોડક્ટ પણ વેચાય છે. એક હજારથી વધુ ડિલરોને રોજ માલ સપ્લાય થાય છે. દુબઈ અને લંડનમાં પણ એની ઓફિસો છે, રોજ સો જેટલા દેશોમાં એમના મસાલા એક્સપોર્ટ થાય છે. અને ઉત્તર ભારતના બજારમાં ૮૦ ટકા માર્કેટ શેર હોવાનો પણ કંપનીનો દાવો છે.



આજે ૯૬ વર્ષની નજીક પહોંચેલા શ્રી ધરમપાલ ગુલાટી દરરોજ દિલ્હી, ફરિદાબાદ .. અથવા તો ગુડગાંવની ફેક્ટરીની નિયમિત મુલાકાત લે છે. આ મહાશયજીની ૬ દીકરીઓ અને એક દીકરો પિતાએ ફેલાવેલા મસાલાના સામ્રાજ્યને આગળ વધારવાનું, વિકસાવવાનું કામ કરી રહ્યા છે. આ ધર્મપાલજી પોતાની તંદુરસ્તીનો શ્રેય સાદો અને ઘરનો આહાર અને નિયમિત કસરતને આપે છે. દાદાજી કહે છે કે, ‘હજુ તો હું .. જવાન છું.’ તેઓ દરરોજ સવારે ચાર વાગ્યે ઉઠીને દિલ્હીના ‘‘નહેરૂપાર્ક’’માં મૉર્નિંગ વૉક માટે જાય છે. અને બાદમાં યોગા કરે છે, ત્યાર પછી જ સાત્વિક નાસ્તો લે છે. .. રાત્રે જમ્યા બાદ પણ નિયમિત ચાલવાનું તો ખરું જ. તો વળી વિશ્વભરમાં થતી ઘટનાઓની જાણકારી મોબાઈલમાં સમાચાર જોઈને મેળવે છે અને નિયમિત વ્હોટ્સએપ પણ ચેક કરે છે. આ ઉંમરે અત્યારની પેઢીની જેમ જ બધા જ આધુનિક ઉપકરણોનો ઉપયોગ તેમને આજે ૯૬ વર્ષે પણ યુવાન રાખે છે.

એમના પિતા ચુનીલાલ ગુલાટી ૧૯૪૭માં દેશના ભાગલા પછી દિલ્હી આવીને વસ્યા હતા. ત્યાર બાદ ૧૯૫૯માં એમડીએચ મસાલા ફેક્ટરીની સ્થાપના ધર્મપાલ ગુલાટીએ ૧૯૫૯માં દિલ્હીના કીર્તિનગરમાં કરી હતી. આજે તેને મસાલા માટે આખા દેશમાં જ નહી પરંતુ વિદેશમાં પણ જાણીતી માનવામાં આવે છે. અહેવાલ અનુસાર, વર્ષ ૨૦૧૭માં ધર્મપાલ ગુલાટી સૌથી વધુ વેચાનાર એફએમસીજી પ્રોડક્ટના સીઈઓ બન્યા હતા. સૌથી ખાસ વાત તો એ છે કે આ ઊંચાઈઓ સુધી પહોંચનાર ધર્માપાલ ગુલાટીએ માત્ર પાંચ ધોરણ સુધી ભણેલા છે. એ પછી એમણે શાળા છોડી દીધી હતા. અને તેમના પિતાની દુકાન પર બેસતા હતા. એક સાવનાની દુકાનથી શરું કરીને આટલા મોટા સામ્રાજ્યના માલિક બનવું એ સૌ કોઈને માટે સરળ નથી. આ ધર્મપાલજી એ ૯૫ વર્ષની વયે એટલે કે ગયા વર્ષે કંપનીના સીઈઓ તરીકે કુલ ૨૧ કરોડની વ્યક્તિગત કમાણી કરી છે. જે દેશની અન્ય મોટી મોટી કંપનીઓના સીઈઓ કરતાંય વધારે છે.

અને આ વર્ષે તેમની કંપનીએ ૨૧૩ કરોડનો નફો પણ કર્યો. આ કંપનીમાં ધર્મપાલજીનો ૮૦ ટકા હિસ્સો છે. તેઓ ઓછામાં ઓછી કિંમતે સારી ગુણવત્તા વાળી વસ્તુ લોકોને આપવા ઈચ્છે છે. અને પોતાના પગારનો ૯૦ ટકા હિસ્સો તેઓ દાન કરી દે છે. તેમની આ સિદ્ધિ જોઈને ભારત સરકાર તરફથી શ્રી ધર્મપાલજીને વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે પદ્મ પુરસ્કાર પણ અપાયો છે.

આમ છતાંય આ MDH મસાલા અંગે અમેરિકામાં એક વપરાશકર્તાને કંપનીના સંભાર મસાલામાંથી ‘સાલ્મોનેલા’ નામના ઘાતક બેકટેરિયા મળી આવ્યા હોવાનો દાવો કર્યો છે. યૂએસ ફુડ એન્ડ કનિંદૈ લાકિઅ ડ્રગ ઓથોરિટી અકિલા (USFDA) એ પોતાના આધિકારિક નિવેદનમાં કહ્યું છે કે, MDHનાઆ બ્રાન્ડને સર્ટિફાઈડ લેબમાં તપાસ કરી હતી. જે દરમિયાન સાલ્મોનેલા કનિંદૈ લાકિઅ નામના બેકટેરિયા હોવાની જાણકારી મળી. તેમણે આગળ કહ્યું કે FDAએ આ મામલે ત્યારે અકીલા તપાસ કરવાનું શરૂ કર્યું જયારે તેમણે જાણકારી મળી કે કનિંદૈ લાકિઅ બજારમાં એવા કેટલાક પ્રોડકટનું વેચાણ કરવામાં આવી રહ્યું છે, જેમા સાલ્મોનેલા બેકટેરિયા છે. જેનાથી શરૂઆતના લક્ષણોમાં ઝાડા, પેટમાં મરોડ સહિત ૧૨ થી ૭૨ કલાકમાં ખુબ જ તાવ પણ આવે છે. જો કે અત્યાર સુધી ભારતમાં આ કંપનીના વેચાણ કરવામાં આવેલ પ્રોડકટમાં સાલ્મોનેલા બેકટેરિયા છે એવું સાબિત થઈ શક્યું નથી. આ કદાચ ઔદ્યોગિક સફળતાની દુશ્મનીને કારણે પણ બન્યું હોય એમ માની શકાય છે.

MDHના આ ૯૬ વર્ષના વૃદ્ધ યુવાનને આજે પણ લાઈમ લાઈટમાં રહેવાનો ભારે શોખ છે. તેઓ જાહેરાતમાં કંઈ રીતે આવ્યા તે પણ જાણવા જેવી વાત છે. તેમના મસાલાની જાહેરાત માટે સૌ પ્રથમ કોઈ અભિનેતાને સાઈન કરીને એડમાં નવવધૂના પિતા બનવાનું હતું તો તે આવ્યો જ નહિ.

તો ડિરેક્ટરે કહ્યું કે ‘‘નવવધૂના પિતાનો રોલ તમે જ કરી લો ... ત્યારે ધર્મપાલજીને થયું કે રૂપિયા બચશે એટલે એમણે હા પાડી દીધી.’’ તરત તૈયાર થઈ માથે સાફો પહેરીને શુટિંગ માટે તૈયાર... ત્યારથી આજ લગી માથા ઉપરથી એ સાફો નીચે ઉતાર્યો નથી. કદાચ છેલ્લા ત્રીસેક વર્ષથી તેઓ આ જાહેરાત કરે છે. પછી તો કંપનીની બધી જ પ્રોડક્ટની જાહેરાતો તેમણે કરીને લોકપ્રિયતા પણ મેળવી. ટીવીની દુનિયામાં જાહેરાતમાં કદાચ સૌથી વૃદ્ધ આ જ ચહેરો જોવા મળે છે. આ ધર્મપાલજીને લાઈમલાઈટમાં રહેવાનું પણ પસંદ છે. એમના પશ્રિમ દિલ્હીના .. ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા MDH હાઉસની દિવાલો પર તેમણે તેમની તસવીરોવાળી વિશાળ ગોલ્ડન ફ્રેમ,

**અનુસંધાન પાના નં ૭ પર**

# ઈથિયોપિયાના ‘નેલ્સન મંડેલા’...!



**રઝળપાટ**
અજય ઉપાધ્યાય

પાકિસ્તાન રોજેરોજ ખોટે ખોટે ડંફાસો મારીને તંગડી ઉંચી રાખી રહ્યું છે...યુનોમાં પણ માર ખાધા પછી’એ ડ્રોનો ઉડાડવાનો અને આતંકીઓ ઘુસાડવાના ઉધામા કર્યા જ કરે છે.....બીજી સર્જીકલ સ્ટ્રાઈકનું જાણે કે સામેથી નોતરું આપી રહ્યું છે - શાંતિ નથી આ ઉમ્બાડીયા દેશ ને !!!...ચીનના પ્રમુખ ભારતમાં તો છે પણ એમનું દિલ પાકિસ્તાન સાથેની દોસ્તી અને ભારત સાથેના બહોળા વેપારના બે પલ્લા પર ઝૂલી રહ્યું છે.ઉપરથી હોંગકોંગવાળા પણ બગાવત પોકારી ચુક્યા છે - ડ્રેગન પણ અશાંત છે !!!..ટ્રમ્પ ‘ હાઉડી મોદી ‘ માં શિરકત લાવીને અમેરિકન ઈન્ડિયનોમાં હાઈલાઈટ થયા પછી મહાભિયોગની માથાકુટમાં ફસાયા છે, બીજી વાર અવાશે કે નહિ એની ચિંતામાં વ્હાઈટ હાઉસમાં શાંતિ નથી...!..તુર્કી એ સીરિયા પર બોમ્બમારો કરવાનો શરુ કરી દીધો છે..કુર્દ અને તુર્ક અને વચ્ચે અમેરિકા કી સેના, આઈએસ ગયું તો કુર્દો ને તુર્કો નું હેન્ડ્યું......અશાંતધારા જેવું વાતાવરણ છે...! ચોય શોંતિ નહિ ભાઈસા’બ...!

ચારેકોર અશાંતિ અશાંતિ અશાંતિના સમાચારો - વાતવરણ વચ્ચે પાછા એક આના લગતા જ સમાચાર આવ્યા - આઈ મીન શાંતિ ના જ તો...! ના ના યુદ્ધવિરામ કે એવા કોઈ સમાચાર નથી પણ આ બે દેશો વચ્ચે ચાલતા સરહદી કોયડાનો ઉકેલ મળે એવા સમાચાર છે. આ વર્ષનું શાંતિનું નોબેલ પુરસ્કાર ઈથિયોપિયાના વડાપ્રધાન અબી અહેમદને મળ્યું...! શેના માટે ? તો એ એટલા માટે કે અબી અહેમદે પાડોશી દેશ ઈરિટ્રીયા સાથે ૨૨ વર્ષથી ચાલતા લોહીયાળ સરહદ વિવાદમાં સમાધાન સાધ્યું છે. મજાની વાત એ છે કે ઈરીટ્રીયા પહેલા ઈથિયોપિયાનો જ હિસ્સો હતું. ૧૯૯૩મા લગભગ ત્રણ દાયકાના સંઘર્ષ પછી એ અલગ દેશ બનેલું અને કઠણાઈ જુઓ કે ત્યારથી જ બંને દેશોને સીમા વિવાદો ચાલ્યા કરતા હતા. સરહદના શહેરો અને ગામડાઓ પર બોમ્બ અને રોકેટવર્ષા ત્યારથી ચાલ્યા કરતી કે છાપામાર લડાકુઓ હુમલો કરતા. ખુદ અબી પણ સેનામાં હોવાને લીધે આવા જ એક છાપામાર લડાકુ રહી ચુક્યા છે. અબી મીલીટરી ઓફિસર હતા અને લેફ્ટેનન્ટ કર્નલ સુધી પહોચેલા.બંને દેશો વચ્ચે ૧૯૯૮ થી ૨૦૦૦ વચ્ચે યુદ્ધ પણ થઈ ચૂકેલું. આ સીમા વિવાદોમાં અત્યાર સુધીમાં અંદાજે એક લાખ લોકોના મોત થઈ ચુક્યા છે અને ઈજાગ્રસ્તોની સંખ્યા આનાથી પણ વધુ છે. છે ને ડિટ્ટો ભારત-પાકિસ્તાન જેવો જ સરહદી કોયડો...!

ટેકનોલોજીના શોખીન અને ઈથિયોપિયાની સાઈબર જાસુસી યુનિટના હેડ રહી ચુકેલા અબી માત્ર ૪૩ વર્ષના છે અને આફ્રિકાના ગાંધી ગણાતા નેલ્શન મંડેલાના પ્રશંશક છે એટલું જ નહિ પણ તેને ઈથીયોપીયાના નેલ્શન મંડેલા પણ કહેવાય છે.અત્યંત સુધારાવાદી વ્યક્તિત્વ ધરાવતા આ યંગ મંડેલા પોતાની સુધારાવાદી દીર્ઘદ્રષ્ટિ માટે જાણીતા છે. એક સમયે અને હજુ પણ દારુણ ગરીબી માટે વિશ્વભરમાં જાણીતા ઈથિયોપિયા માટે આ સર્વોચ્ચ સંન્માન ખરેખર શાંતિનું પ્રતિક બની રહેશે એટલું જ નહિ પણ જગતભરમાં અનેક દેશો દેશો વચ્ચે ચાલતા સીમાવિવાદોનો હલ લાવવામાં સહાયરૂપ બને એવી આશા પણ દુનિયા રાખી રહી છે. ઈથિયોપિયા જેવા ગરીબી માટે વધુ ચર્ચિત અને બીજા કામો માટે ઓછા ચર્ચિત દેશ માટે આ મોટા સમાચાર કહેવાય. નોબેલ શાંતિ પુરસ્કાર મેળવનાર અહેમદ માત્ર ૧૩ વર્ષના હતા જ્યારે એ જેમના પ્રશંશક છે તે નેલ્શન મંડેલા જેલમાંથી છુટેલા અને ૨૦૧૮ માં જ્યારે અહેમદ ઈથીયોપીયાના વડાપ્રધાન બન્યા ત્યારે આફ્રિકન દેશોના સૌથી યુવાન વડાપ્રધાન કે નેતા હતા. મંડેલાના આદર્શોને જીવનમાં વણી લેનાર અહેમદે વડાપ્રધાન બનતાવેત જ સુધારવાદી અને ઉદારવાદી વલણ અપનાવ્યું. અબી એ પદભાર સંભાળ્યાના ૧૦૦ દિવસની અંદર અંદર જ ધડાધડ આવા એક પછી એક નિર્ણયો લેવા માંડ્યા જેના ડેફીનેટલી આફ્રિકન દેશો અને ખાસ કરીને ઈથીયોપીયાના સંદર્ભમાં ક્રાંતિકારી તો નહિ પણ સુધારાવાદી ચોક્કસપણે કહી શકાય. કદાચ બાલ્યાવસ્થાથી દેશની સ્થિતિ તેમના દિમાગમાં બરાબર ઉતરી ગઈ હશે અને એક નેતા તરીકે પોતે દેશને એની ઝગડા અને ગરીબીની છાપમાંથી મુક્ત કરવા માટે જે કરી શકે એ કરવાની નેમ ધરાવતા થઈ ગયેલા, એ ઉપરાંત પોતે ખુદ બંને દેશો વચ્ચેની આ લડાઈના એક ભાગ રહી ચુક્યા હોવાને લીધે એમને યુદ્ધ અને ઝગડાની ભયાનકતાનો ભલે મોડે મોડે પણ ખ્યાલ આવી ગયો હશે.

વડાપ્રધાન બનતા જ એમણે સૌપ્રથમ તો દેશમાં ચાલતી ઈમરજન્સી (કટોકટી) સમાપ્ત કરવાની ઘોષણા કરી. મીડિયા પર સ્વાભાવિકપણે કટોકટીને હિસાબે જે સેન્સરશીપ લાદવામાં આવેલી એને પણ દુર કરી. જેલોમાં બંધ વિપક્ષી નેતાઓ અને હજારો કાર્યકર્તાઓને કોઈ પણ શરત વગર મુક્ત કરી દીધેલા એટલું જ નહિ પણ દેશમાંથી હાંકી કઢાયેલા અનેક અસંતુષ્ટ નેતાઓ-લોકોને પરત દેશમાં આવી જવાની છૂટ આપી દીધેલી. આ ઉપરાંત દેશમાં આર્થિક અને સામજિક સુધારાઓ પણ લાગુ કરેલા જેને લીધે જાતીય અને વશીય હિંસા પણ ફાટી નીકળેલી. વડાપ્રધાન બનતા જ એમણે જાહેર કરી દીધેલું કે હવે બહુ થયું, આપણે લડવાને બદલે નાગરિકોની સુખસુવિધા પર વધુ ધ્યાન આપવું જોઈએ અને એટલે જ એમણે ૨૦૧૮મા જ જાહેર કરેલું કે હું ઈરિટ્રીયા સાથે શાંતિ વાર્તા શરુ કરીશ અને શાંતિ આ વિવાદનો હલ મેળવીને જ જંપીશ. અબી ના ફેવરમાં એ વાત હતી કે તેમની પકડ તણાવગ્રસ્ત વિસ્તારોના અનેકો કબીલાઓ અને લડાકુઓ પર હતી. ૨૦૧૮મા જ આશા જાગેલી કે આ લોહીયાળ વિવાદનો કોઈ હલ આવશે જ.

અને થયું પણ એવું જ. એપ્રિલ ૨૦૧૮ માં અબી વડાપ્રધાન બન્યા અને સપ્ટેમ્બર ૨૦૧૯મા તો ઈરિટ્રીયા સાથે ઐતિહાસિક શાંતિ સમજોતા પર હસ્તાક્ષર પણ થઈ ગયા. લગભગ ૨૦ વર્ષો પછી બંને દેશો વચ્ચેની બોર્ડર આમ નાગરીકો માટે ખોલવામાં આવી. શાંતિ માટેના નોબેલની રેસમાં સ્વીડનની ૧૬ વર્ષની કલાયમેટ એક્ટીવીસ્ટ ગ્રેટા થુનબર્ગ, જર્મન ચાન્સેલર એન્જેલા માર્કેલ જેવા નામો ચિત્રમાં અને ચર્ચામાં હોવા છતાં નોબેલની જ્યુરી એ અબી નું નામ આપીને બધાને ચોકાવી દીધા. જો કે નોબેલ જ્યુરીએ અબી નું નામ જાહેર કરતી વખતે કહ્યું કે ‘શાંતિ અને આંતરરાષ્ટ્રીય સહયોગની બાબતમાં અબી અહેમદ નું યોગદાન પ્રશંશનીય છે ‘ખાલી ઈરિટ્રીયા સાથે’ નો પીસ - નો વોર ‘ સંધી જ નહિ પણ અબી એ આ સિવાય પણ આંતરરાષ્ટ્રીય સ્તરે બીજા પણ આવા જ વિવાદો ઉકેલવામાં મદદ કરી છે. આ જ ઈરિટ્રીયા અને એના બીજા પાડોશી દેશ જીબુતી વચ્ચે ચાલતી રાજકીય શત્રુતા ખતમ કરાવેલી તો સોમાલિયા અને કેન્યા વચ્ચે ચાલતા દરિયાઈ સીમાઓના વિવાદને ખતમ કરવામાં મધ્યસ્થીની ભૂમિકા ભજવેલી.

માત્ર પાંચ જ મહિનામાં આટલી ગંભીર વાતનો હલ લાવનાર અબીને શાંતિનો નોબેલ પુરસ્કાર મળવું એ એક બીજી વાતનો પણ ઉજળો સંકેત છે કે જો આટલા નાના દેશો પણ યુદ્ધની ભયાનકતા અને સીમા-સરહદોના વિવાદનો ઉકેલ સાથે બેસીને કાઢી શકતા હોય તો જગતમાં ઘણા મોટા અને શક્તિશાળી દેશો વચ્ચે ચાલતા આવા વિવાદોનો ઉકેલ કેમ ના આવે ? નિર્દોષ માણસોનો ભોગ લેનાર આવા સરહદ વિવાદો અટકાવી શકાય છે - ઉકેલી શકાય છે એનું જ્વલંત ઉદાહરણ દુનિયા સામે ઈરિટ્રીયા અને ઈથિયોપિયા જેવા બંને નાનકડા દેશોએ આપ્યું છે.

**વિસામો :**

**ભારતીયોને મળેલા શાંતિ નોબેલ પુરસ્કારની વાત કરીએ તો, મધર ટેરેસાને ૧૯૭૯માં અને કૈલાશ સત્યાર્થીને ૨૦૧૪માં આ પુરસ્કાર મળી ચુક્યો છે.**